# ખંભાત નગરપાલિકા,ખંભાત

## એજન્ડા નોટીસ

તા.૦૪–૦૪–૨૦૧૮ને બુધવાર ના રોજ બપોરે ૪–૩૦ કલાકે મ્યુની.કાઉન્સીલ હોલમાં મળનાર સામાન્ય સભામાં કરવામાં આવનાર કામોનાં એજન્ડા.

(૧) તા.૩૦–૦૧–૨૦૧૮ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

(૨) નીચે જણાવેલ કર્મચારીઓ નિવૃત્ત થતાં હોવાથી તેઓને મળવા પાત્ર લાભો આપવા બાબત.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી ચંદુભાઈ જમ્બુભાઈ હરીજન | મરણ તારીખ.૨૦–૦૧–૨૦૧૮ |
| (૨) | હસમુખભાઈ કલાભાઈ હરીજન | નિવૃત્ત તારીખ.૩૧–૦૩–૨૦૧૮ |

(૩) એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૪૮ તારીખ.૦૮–૦૨–૨૦૧૮ થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૦૭ તા.૨૩–૦૩–૨૦૧૮ સુધીના ઠરાવો મંજુર કરવા તેમજ એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૭૭ તારીખ.૨૩–૦૩–૨૦૧૮ થી મંજુર કરેલ બજેટને બહાલી આપવા બાબત.

(૪) સેનીટશન કમીટી ઠરાવ નંબર.૧૩ તારીખ.૧૮–૦૧–૨૦૧૮ થી સેનીટેશન કમીટી ઠરાવ નંબર. ૧૮ તારીખ.૧૮–૦૧–૨૦૧૮ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત.

(૫) ખંભાત વિસ્તાર વિકાસ સત્તા મંડળ કમીટી ઠરાવ નંબર.૩૩ તા.૨૩–૦૨–૨૦૧૮ સુધીનો ઠરાવ મંજુર કરવા બાબત.

આ ઉપરાંત ચેરમાંથી રજુ થાય તે બાબત.

(સહી)

ખંભાત નગરપાલિકા.
તારીખ.૨૬–૦૩–૨૦૧૮

પ્રમુખ,
ખંભાત નગરપાલિકા,ખંભાત

નોંધઃ– (૧) બોર્ડની મીટીંગમાં કરવાનાં કામોનાં કાગળો જોવા તથા વાંચવા સારું ઓફીસ ચાલુ હોય તે દિવસો અને રજાના દિવસો દરમ્યાન સવારના ૧૦–૦ થી ૧૨–૦ સુધી ઓફીસ ટેબલ ઉપર મુકવામાં આવેલ છે.

(૨) એજન્ડા પેપરમાં દાખલ કરેલ કામોને વ્યાખ્યા અગર સાર તરીકે ગણવાનાં નથી પરંતુ કામોના વિષયે સુચન છે.

(૩) એજન્ડાની તમામ આઈટમના ઠરાવો ન.પા.ની વેબ સાઈટ ઉપર દરેકને જોવા મળશે અને નકલો પણ લઈ શકશો www.khambhatnagarpalika.in ઉપરની મેળવી કશો.

<u>**ખંભાત નગરપાલિકા, ખંભાત**</u>

આજ તારીખ.૦૪–૦૪–૨૦૧૮ને બુધવાર ના રોજ સાંજે ૦૪–૩૦ કલાકે ખંભાત નગરપાલિકા કચેરીના સભાખંડમાં પ્રમુખશ્રી પરીમલબેન ભદ્રીકભાઈ શાહ ના અધ્યક્ષ સ્થાને સામાન્ય સભા મળી હતી પ્રારંભમાં ઉપસ્થિત સદસ્યશ્રીઓની હાજરી રજીસ્ટરમાં સહી લેતા નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર છે.

<u>હાજર સભ્યશ્રી ઓ.</u>

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | પરીમલબેન ભદ્રીકભાઈ શાહ | પ્રમુખશ્રી | હાજર |
| (૨) | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા | ઉપપ્રમુખશ્રી | હાજર |
| (૩) | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | સભ્યશ્રી | હાજર |
| (૪) | શ્રી | નગિનભાઈ રતિલાલ મહીડા | સભ્યશ્રી | હાજર |
| (૫) | શ્રી | પ્રકાશભાઈ નટવરલાલ પટેલ | સભ્યશ્રી | હાજર |
| (૬) | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી | સભ્યશ્રી | હાજર |
| (૭) | શ્રી | યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય | સભ્યશ્રી | હાજર |
| (૮) | શ્રી | વસંતલાલ ચીમનલાલ પટેલ | સભ્યશ્રી | હાજર |
| (૯) | શ્રી | કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતિ | સભ્યશ્રી | હાજર |
| (૧૦) | શ્રી | શારદાબેન જીતેન્દ્ર રાણા | સભ્યશ્રી | હાજર |
| (૧૧) | શ્રી | મંજુલાબેન કિશોરભાઈ રાણા | સભ્યશ્રી | હાજર |
| (૧૨) | શ્રી | શંકુતલાબેન બાબુભાઈ રાવળ | સભ્યશ્રી | હાજર |
| (૧૩) | શ્રી | મુકેશભાઈ શંકરભાઈ ભીલ | સભ્યશ્રી | હાજર |
| (૧૪) | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર | સભ્યશ્રી | હાજર |
| (૧૫) | શ્રી | શિલ્પાબેન રાજેશભાઈ પટેલ | સભ્યશ્રી | હાજર |
| (૧૬) | શ્રી | પિન્કીબેન કેતનકુમાર રાણા | સભ્યશ્રી | હાજર |
| (૧૭) | શ્રી | સુમિત્રાબેન રણછોડભાઈ માછી | સભ્યશ્રી | હાજર |
| (૧૮) | શ્રી | રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા | સભ્યશ્રી | હાજર |
| (૧૯) | શ્રી | અશોકભાઈ રતીલાલ ખલાસી | સભ્યશ્રી | હાજર |

નીચે મુજબના સદસ્યશ્રીઓ રજાનો રીપોર્ટ આપેલ જે મંજુર કરેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | મનિષાબેન મનોજભાઈ વાઘરી | સભ્યશ્રી | રજા રીપોર્ટ |
| (૨) | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તાર હુસેન યમની | સભ્યશ્રી | રજા રીપોર્ટ |

નીચે મુજબના સદસ્યશ્રીઓ રીપોર્ટ આપ્યા વગર ગેરહાજર રહેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | આરીફાબાનુ મોહંમદયુસુફ પાનારા | સભ્યશ્રી | ગેરહાજર |
| (૨) | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | સભ્યશ્રી | ગેરહાજર |
| (૩) | શ્રી | મનીષાબેન દીપકભાઈ મીસ્ત્રી | સભ્યશ્રી | ગેરહાજર |
| (૪) | શ્રી | ધર્મેન્દ્રકુમાર તોગાભાઈ ભરવાડ | સભ્યશ્રી | ગેરહાજર |
| (૫) | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા | સભ્યશ્રી | ગેરહાજર |
| (૬) | શ્રી | ભારતીબેન રમેશચંદ્ર રાણા | સભ્યશ્રી | ગેરહાજર |
| (૭) | શ્રી | કૌશીકભાઈ પ્રભુલાલ રાવ | સભ્યશ્રી | ગેરહાજર |
| (૮) | શ્રી | ઝરીનાબાનુ અબ્દુલહબીબ શેખ | સભ્યશ્રી | ગેરહાજર |
| (૯) | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા | સભ્યશ્રી | ગેરહાજર |
| (૧૦) | શ્રી | મો.હનીફ અ.જમીલ શેખ | સભ્યશ્રી | ગેરહાજર |
| (૧૧) | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ | સભ્યશ્રી | ગેરહાજર |
| (૧૨) | શ્રી | ગીતાબેન રાજુભાઈ ચુનારા | સભ્યશ્રી | ગેરહાજર |
| (૧૩) | શ્રી | મીનાબેન ગોવિંદભાઈ રબારી | સભ્યશ્રી | ગેરહાજર |
| (૧૪) | શ્રી | ઈશ્વરભાઈ મોતીભાઈ પરમાર | સભ્યશ્રી | ગેરહાજર |
| (૧૫) | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર | સભ્યશ્રી | ગેરહાજર |

હાજરી લીધા બાદ સભાનું કોરમ પુરૂ થયું હોઈ પ્રમુખશ્રી તરફથી તમામ સદસ્યશ્રીઓને આવકારીને સભાનું કામ કાજ શરૂ કર્યુ.

એજન્ડા ક્રમાંક.૧ તારીખ.૦૪–૦૪–૨૦૧૮

તા. ૩૦–૦૧–૨૦૧૮ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૧ તારીખ.૦૪–૦૪–૨૦૧૮

એજન્ડા ક્રમાંક : ૧ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી શંકુતલાબેન બી. રાવળ તરફથી અને સદસ્યશ્રી ઉષાબેન પી. બારૈયા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

તા. ૩૦–૦૧–૨૦૧૮ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવામાં આવે છે.

"સર્વાનુમતે મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૨ તારીખ.૦૪–૦૪–૨૦૧૮

નીચે જણાવેલ કર્મચારીઓ નિવૃત્ત / અવસાન થતાં હોવાથી તેઓને મળવા પાત્ર લાભો આપવા બાબત.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી ચંદુભાઈ જમ્બુભાઈ હરીજન | મરણ તારીખ.૨૦–૦૧–૨૦૧૮ |
| (૨) | હસમુખભાઈ કલાભાઈ હરીજન | નિવૃત્ત તારીખ.૩૧–૦૩–૨૦૧૮ |

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.૨ તારીખ. ૦૪–૦૪–૨૦૧૮

એજન્ડા ક્રમાંક : ૨ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી સુમીત્રાબેન આર. માછી તરફથી અને સદસ્યશ્રી શંકુતલાબેન બી. રાવળ ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

નીચે જણાવેલ કર્મચારી નિવૃત/અવસાન થતાં હોવાથી તેઓને ખંભાત નગરપાલિકાના અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૭૧ તળેના મંજુર થયેલાનિયમો પ્રકરણ–૧૮ ના નિયમ ૧, ૨, અને ૪ ના પેટા નિયમો મુજબ પેન્શન, ગ્રેજયુઈટી અને વળતર ભથ્થાના નિયમો મુજબના લાભો નિવૃત્ત / અવસાન બાદના આપવા મંજુર કરવામાં આવે છે. વધુમાં પેન્શન મેળવનાર કર્મચારી પાસે પોતાનું પેઢીનામું તેમજ રજુ કરેલ તમામ પેપર્સ ખરા છે તેવું સ્ટેમ્પ પેપર ઉપર સોગદનામું મેળવી રજુ કર્યા બાદ તમામ પેપર્સ અને ફોર્મ ભરીને – એકઝીકયુટીવ કમીટી સમક્ષ રજુ કર્યા બાદ પેન્શન ચુકવણી કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી ચંદુભાઈ જમ્બુભાઈ હરીજન | મરણ તારીખ.૨૦–૦૧–૨૦૧૮ |
| (૨) | હસમુખભાઈ કલાભાઈ હરીજન | નિવૃત્ત તારીખ.૩૧–૦૩–૨૦૧૮ |

"સર્વાનુમતે મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક : ૩ તારીખ.૦૪–૦૪–૨૦૧૮

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૪૮ તારીખ.૦૮–૦૨–૨૦૧૮ થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૦૭ તા.૨૩–૦૩–૨૦૧૮ સુધીના ઠરાવો મંજુર કરવા તેમજ એકઝી–કયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૭૭ તારીખ.૨૩–૦૩–૨૦૧૮ થી મંજુર કરેલ બજેટને બહાલી આપવા બાબત.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૩ તારીખ.૦૪–૦૪–૨૦૧૮

એજન્ડા ક્રમાંક : ૩ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી યોગેશકુમાર બી ઉપાધ્યાય તરફથી અને સદસ્યશ્રી નગીનભાઈ આર. મહીડા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તારીખ.૦૪–૦૪–૨૦૧૮ના રોજ ખંભાત નગરપાલિકાની મળેલ રાબેતા મુજબની સામાન્ય સભા ઠરાવે છે કે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૮ તારીખ. ૦૮–૦૨–૨૦૧૮ થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૦૭ તારીખ.૨૩–૦૩–૨૦૧૮ સુધીના ઠરાવો મંજુર કરવા તેમજ એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૭૭ તારીખ. – ૨૩–૦૩–૨૦૧૮ થી મંજુર કરેલ બજેટને બહાલી આપવામાં આવે છે.

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૭૭ તારીખ.૨૩–૦૩–૨૦૧૮ થી મંજુર થયા મુજબ રૂપ રેખા

માનનીય અધ્યક્ષ મહોદયશ્રી,તથા આજની આ જનરલ સભામાં ઉપસ્થિત એવા મારા કાઉન્સીલર ભાઈઓ તથા બહેનો.

ખંભાત નગરપાલિકાનું અગામી નાણાંકીય વર્ષ ૨૦૧૮–૨૦૧૯ નું અંદાજપત્ર આપ સૌ ની સમક્ષ મુકતા હર્ષ અને લાગણી અનભવું છું

અગામી વર્ષ એપ્રીલ–૨૦૧૮ થી શરૂ થતા નવા વર્ષની રૂપરેખા આપુ તે પહેલા જાન્યુઆરી ૨૦૧૮ થી માર્ચ ૨૦૧૮ સુધીના સંભવીત આવક અને ખર્ચના અંદાજો સાથેના રેવન્યુ બજેટ અને કેપીટલ બજેટ નગરપાલિકાની ફાઈનાન્સ કમીટીના ઠરાવ નંબર–૧ તારીખ.૧૯–૦૩–૨૦૧૮ એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૭૭ તારીખ. ૨૩–૦૩–૨૦૧૮ એ જરૂરી મંજુર કરેલ છે જે આ બોર્ડ સમક્ષ પ્રસ્તુત કરવા મંજુરી આપેલ છે.

સદર હું બજેટમાં સમાવિષ્ટ મહત્વની કડીઓની કેડીઓ કંડારવા અને ખંભાત શહેર અને તેમાં રહેતા પ્રજાજનોની સુખાકારી અને શહેરના વિકાસની જે પડતર રહેલ બાબતો જેવી કે.અગાઉના થયેલ તમામ આયોજનો પણ નગરપાલિકા ધ્વારા પુર્ણ કરવાનો નમ્ર પ્રયાસ થનાર છે.

વિધવા બહેનો ને તારીખ.૦૧–૦૪–૨૦૧૮ થી સંપુર્ણ માફી આપવા માટે ટેક્ષ ના બીલમાં માફી આપવાનું ઠરાવવામાં આવે છે. અને તે અંગે નગરપાલિકામાં નિયમાનુસારની અરજી કરેથી માફી આપવામાં આવશે.

વર્ષ : ૨૦૧૮–૧૯ માટે રૂપીયા.૨૩,૭૧,૨૬,૫૨૦/– એકે રૂપીયા તેવીસ કરોડ ઈકોતેર લાખ છવ્વીસ હજાર પાંચસો વીસ પુરા રેવન્યુ આવક અંદાજવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧ | કુલ ટેક્ષની આવક | ૭૦૫૨૭૫૨૦.૦૦ |
| ૨ | ભાડાની કુલ આવક | ૫૨૦૦૦૦૦.૦૦ |
| ૩ | અન્ય આવક | ૧૩૯૫૫૦૦૦.૦૦ |
| ૪ | ફી ની કુલ આવક | ૧૫૮૭૫૦૦૦.૦૦ |
| ૫ | ખાસ અધિનિયમની આવક | ૧૦૬૯૦૦૦.૦૦ |
| ૬ | વ્યાજ આવક ભંડોળ | ૧૦૦૦૦૦૦૦.૦૦ |
| ૭ | કુલ અન્ય આવકો | ૪૯૫૦૦૦૦૦.૦૦ |
| ૮ | સહાયક અનુદાન (મહેકમ) | ૭૧૦૦૦૦૦૦.૦૦ |
| | કુલ રેવન્યુ આવક | ૨૩૭૧૨૬૫૨૦.૦૦ |

તેની સામે વર્ષ : ૨૦૧૮–૧૯ માટે રૂપીયા.૨૩,૬૨,૬૬,૦૦૧/– એકે રૂપીયા તેવીસ કરોડ બાસઠ લાખ છાંસઠ હજાર એક પુરાની રેવન્યુ જાવક અંદાજવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧ | અગ્રીમ આવશ્યક સેવા સિવાયનું મહેકમનો ખર્ચ | ૭૨૯૫૦૦૦૦.૦૦ |
| ૩ | અન્ય લાભો | ૧૮૩૯૫૦૦૦.૦૦ |
| ૨ | વહીવટી ખર્ચ | ૧૩૨૮૩૫૦૧.૦૦ |
| ૩ | પાણી પુરવઠા ખર્ચ | ૪૫૯૫૦૦૦૦.૦૦ |
| ૪ | ગંદાપાણીના નિકાલનો ખર્ચ (ડ્રેનેજ) | ૧૪૬૬૫૦૦૦.૦૦ |
| ૫ | સફાઈ ખર્ચ | ૩૨૪૬૦૦૦૦.૦૦ |
| ૬ | જાહેર દિવાબત્તી ખર્ચ | ૮૨૫૫૦૦૦.૦૦ |
| ૮ | રસ્તા / બાંધકામ ખર્ચ | ૧૦૩૭૫૦૦૦.૦૦ |
| ૯ | અન્ય સેવાઓનો ખર્ચ | ૧૯૯૩૨૫૦૦.૦૦ |
| | કુલ રેવન્યુ જાવક | ૨૩૬૨૬૬૦૦૧.૦૦ |

આમ રેવન્યુ આવક જાવકના બજેટમાં રૂપીયા. ૮,૬૦,૫૧૯/– અંકે રૂપીયા આઠ લાખ સાહીઠ હજાર પાંચસો ઓગણીસ પુરા ની પૂરાંત દર્શાવવામાં આવેલ છે. જે નગરના આયોજનમાં નગરપાલિકા ધ્વારા કરવામાં આવનાર વિવેક બુધ્ધિ અનુસાર અને કરકસર યુકત પગલાઓના ફળ સ્વરૂપે પુરાંત વાળુ બજેટ રજુ કરતા હર્ષ ઉલ્લાસ અને આનંદ ની લાગણી અનુભવું છુ.

દિવસ દિવસે શહેરી કરણ વધવાનું છે. શહેરની હદોનો વ્યાપ અને વિસ્તરણ થવાનું જ છે. નવા બાંધકામ અને નવી સોસાયટીયોનું સર્જન થવાનું છે.

આમ પ્રાથમીક સુવિધાઓ આપવાનો વ્યાપ પણ વધવાનો છે.

અમો....ભવિષ્યની આપવાની જરૂરીયાતો નો દુરંદેશી ખ્યાલ આ બજેટમાં કરેલો છે. સરળતાથી સેવાઓ મળી રહે અને સમસ્યાઓ તુરત હલ થાય અને નાગરીકોને વધુ સરળતા રહે તે માટે અનેક જોગવાઈઓ આ બજેટમાં કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારશ્રીની વિવિધ યોજનાઓ હેઠળ કરોડો રૂપીયા વિકાસ લક્ષી કામો સમગ્ર ગામના મુખ્ય રસ્તાઓ, અંદરના આર.સી.સી. ડામરના રસ્તાઓ, તથા ઈન્ટરલોકીંગ બ્લોક પેવીગ બનાવી સૌનો સાથ સૌનો વિકાસ પ્રજાને આપેલ છે. તેનાથી સમગ્ર પ્રજામાં એક ખુશીની લહેર જોવા મળેલ છે એન તેમાંથી ઘણા ખરા કામો પુર્ણ થયેલ છે અને બાકીના કામો હાલ પ્રગતિમાં છે અને તે જરૂરી સમય મર્યાદામાં પુર્ણ થાય તેમાં પણ નગરપાલિકાના શાસકોનો આગોતરૂ આયોજન છે. ખંભાત શહેરની કાયાપલટ એ અમારૂ મીશન છે અને સર્વાંગી વિકાસ થાય તે માટે અમારો અથાગ પ્રયત્ન રેહેશે. આ ભગીરથ કાર્ય માટે આપ સૌનો સહકાર અમોને મળતો રહે છે તે માટે અમો આપના ઋણી છીએ.

સરદાર ટાવર પાસે આવેલ સોપીંગ સેન્ટર,ધર્મશાળા,હોલ,દવાખાનું વાળી બીંલ્ડીંગ ને જમીન દોસ્ત કરી તેને નવેસરથી આધુનીક સગવડો સાથે સ્થંભતીર્થ કોમ્પલેક્ષ ની કામગીરી પૂર્ણ થવાને આરે છે જે નાણાંકીય વર્ષ દરમ્યાન પુર્ણ થઈ જશે.

વખારીયા મેન્શનની પશ્ચિમે દાઉદી વ્હોરા કબ્રસ્તાનની સામે બીન નંબરી જગ્યા ઉપર સોપીંગ સેન્ટરનું બાધકામ ટુક સમયમાં શરૂ થનાર છે જે અગામી નાણાકીય વર્ષમાં કામ પુર્ણ થઈ જશે.

ગુજરાત શહેરી વિકાસ વિભાગના તારીખ.૧૫–૦૯–૧૯૯૩ના ઠરાવ ક્રમાંક નપલ/૪૫૯૩/એમ.એલ.એ./૧૨/મ થી ૧૭૮૩–૪૬–૫૩ ચો.મીટર જમીન હેતુ ફેર કરીને કોર્મસીયલ કામગીરી અંગે જરૂરી હુકમ કરેલ તેમાં સીટી સર્વે નંબર. ૩/૩૨૪૬ વાળી મીલ્કત ના પ્રો.કાર્ડમાં એન્ટ્રી નંબર.૧૮૧ તારીખ. ૧૮–૦૫–૧૯૯૬ થી જરૂરી હુકમની નોંધ થયેલ છે તે પૈકીની બચત જગ્યામાં નગરપાલિકા ધ્વારા સ્વ.રણજીતરાય શાસ્ત્રી સોપીંગ સેન્ટરનું નિર્માણ કરી ખંભાતની પ્રજાને નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૯૧–એ (બી) અને (ક) જાહેર બાંધકામ ક્ષેત્રમાં (બી) માં જણાવ્યા મુજબની આ કામગીરી પુર્ણ કરીને પ્રજાના હવાલે કરી દેવામાં આવેલ છે.

ખંભાતમાં વિકસીત વિસ્તાર તરીકે લાલ દરવાજા મહાત્મા ગાંધી સર્કલ (પૂજય બાપુની) પ્રતીમાં આવેલી છે તે સર્કલ અધતન બનાવી શહેરની એક આગવી ઓળખ તરીકે બનાવવા માટે પણ આ બજેટમાં યુ.ડી.પી.૭૮ હેઠળ આયોજન કરવામાં આવેલું છે.તેની કામગીરી હાલ કાર્યરત છે. તથા પૌરાણીક ત્રણદરવાજાનું સંપુર્ણ રીનોવેશન ની કામગીરી પુર્ણ થયેલ છે. તથા નગરપાલિકા સંચાલીત સ્વીમીંગ પુલ ની રીનોવેશની કામગીરી હાલ પ્રગતિ માં છે. તદ ઉપરાત સદર ગ્રાન્ટ યુ.ડી.પી. ૭૮ હેઠળ ૧૬૪ કામો પુર્ણ કરેલ છે.અને યુ.ડી.પી. ૮૮ હેઠળ માદળાબાગ પાસે આવેલ પૂસ્તકાલયમાં જુની મીલ્કતને ઉતારીને ત્યા સ્માશનથી પરત આવતા ડાઘુઓને નહાવાની સુવિધા તેમજ બોરરૂમ, પુસ્તકાલય (લાયબ્રેરી) અને હોલની કામગીરી હાલમાં પ્રગતિમાં છે.તદ ઉપરાત સદર ગ્રાન્ટ યુ.ડી.પી. ૮૮ હેઠળ ૪૭ કામો પુર્ણ કરેલ છે.અને ૨૪ કામો પ્રગતિમાં છે.

ગત બજેટ બોર્ડમાં નકકી થયેલ વિગતો મુજબ માદળા તળાવ ખંભાતને એક નવું નજરાણું આપવા માટે ગુજરાત સરકાર સમક્ષ પ્રોસીઝરો પુર્ણ કરી રૂપીયા ચાર કરોડ ઉપરાતનો એસ્ટીમેન્ટ પ્લાન નકસા બનાવી રજુ કરેલ છે તેમા સરકારશ્રી ધ્વારા મંજુરીના છેલ્લા તબ્બકાની કામગીરીઓ પુર્ણ થવાને આરેહોઈ અગામી નાણાકીય વર્ષ દરમ્યાન અમદાવાદ કાંકરીયા તળાવનું ડેવોલોપીંગ થયેલ છે તેરી તે અને તે કોન્સેપ્ટથી ખંભાતનું માદળા તળાવ પણ વિકસાવવામાં આવનાર છે તેમજ જનરલ બોર્ડ ઠરાવ નં.ર તારીખ.૦૩–૦૪–૨૦૧૭ થી ઠરાવ્યા મુજબ તેની આગળની ધટતી કાર્યવાહી પુર્ણ કરવા કૃત નિશ્ચય છે.

સ્વર્ણિમ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ખંભાત નગરપાલિકામાં ફાયર સ્ટેશન, એકાઉન્ટ વિભાગ, સેનીટેશન રૂમ, સ્ટોર રૂમ, કમીટી રૂમ, બોર્ડ રૂમ, ઈ–ગર્વનર્સ, એમ–ગર્વનર્સ, ફર્નિચર પાર્કિંગ વગેરેની કામગીરી હાલમાં પ્રગતિમાં છે.

ગુજરાત સરકારશ્રી તરફથી મીઠાના અગરથી ડંકા સુધીનો અને રાહધારી થી મીઠાના અગર સુધીનો રસ્તો પણ નગરપાલિકાએ મંજુર કરેલ છે જે બનનાર છે.

રણમુકતેશ્વર નૂતન પાણીની ટાંકી તેમજ પંપીગ સ્ટેશન રૂમ તથા પંપીગ મશીનરી તેમજ રણમુકતેશ્વર અને લાલ બાગ પાણીની ટાંકી તમામ જગ્યાએ કંમ્પાઉન્ડ વોલનું કામ પુર્ણ કરેલ છે.

ખંભાત નગરપાલિકા અને ઓ.એન.જી.સી. ખંભાત ના સહયોગથી નવી એમ્બ્યુલન્સ વાન અને અંતિમ યાત્રા વાહનની ખરીદી કરી તેનું લોકાપુર્ણ ચાલુ વર્ષ માં કરવામાં આવેલ છે.

ખંભાત નગર નગરજનો ને શારીરીક બિમારીથી ઘેરાયેલા હોય અને તેઓની આર્થીક સ્થિતિ નબળી હોય તેવા નગરના કોઈપણ નાગરીકને ગુજરાતની હદમાં કોઈ એમ્બ્યુલન્સ કે શબવાહીની લઈ જવાની થાય તો નિયમ મુજબ રકમ ભરપાઈ કરવાની હોય અને તેમાં તેઓની અરજી આવેથી નગરપાલિકાની એકઝીકયુટીવ કમીટી ઠરાવે તે રકમમાં માફી આપવાની જોગવાઈ મંજુર કરવામાં આવે છે.

વધુમાં નગરપાલિકાના ચુંટાયેલા તમામ ચાલુ / માજી સભ્યશ્રીઓને અને તેમના પત્ની, બાળકો તથા માતા–પિતાને એમ્બ્યુલન્સની જરૂરીયાત ઉભી થાય તો વિના મુલ્યે ગુજરાત રાજયની હદમાં પોતાની સારવાર અર્થે જઈ શકશે. પરતું ગુજરાત બહાર જવાનું થાય તો હદની આગળ જવાના અને હદ સુધી પરત આવવાના પ્રતિ કિ.મી. દીઠ રૂા. ૮–૦૦ અંકે રૂપીયા આઠ પુરા લેખે વસુલ લેવાના રહેશે.બીજા કોઈપણ અન્ય ચાર્જીસ લાગુ પડશે નહી કે લેવાના રહેશે નહી. તેવી જ રીતે ખંભાત મત વિસ્તાર ધારાસભ્યશ્રી અને માજી ધારાસભ્યને પણ ઉપર મુજબનો લાભ આપવાનો રહેશે .તે મુજબનું બીજો અન્ય ઠરાવ ના થાય તે રીતે તારીખ.૦૧–૦૪–૨૦૧૮ થી અમલમાં આવે તે રીતે ઠરાવવામાં આવે છે.

આમ વર્ષ : ૨૦૧૮–૧૯ માટે કેપીટલ આવક રૂપીયા. ૨૯,૭૫,૧૫,૦૦૦/– અંકે રૂપીયા ઓગણત્રીસ કરોડ પંચોતેર લાખ પંદર હજાર પુરા અંદાજવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧ | સહાયક અનુદાન (વિકાસ ભંડોળ યોજના) | ૧૫૧૧૫૦૦૦.૦૦ |
| ૨ | વિકાસ યોજના (રાજય સરકાર) | ૧૫૬૫૦૦૦૦૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૩ | ખાસ હેતુ માટેની ગ્રાન્ટ (રાજય સરકાર) | ૨૧૯૦૦૦૦૦.૦૦ |
| ૪ | વિકાસ યોજના ( કેન્દ્ર સરકાર) | ૭૫૦૦૦૦૦૦.૦૦ |
| ૫ | સામુદાઈક વિકાસ યોજનાઓ | ૬૦૦૦૦૦૦.૦૦ |
| ૬ | વિકેન્દ્રીત જિલ્લા આયોજન | ૧૩૦૦૦૦૦૦.૦૦ |
| ૭ | રાજય તેમજ કેન્દ્ર સરકારમાં થી વિકાસ લક્ષી ગ્રાન્ટોમાંથી અન્ય વિકાસ લક્ષી કામો | ૧૦૦૦૦૦૦૦.૦૦ |
| | કુલ કેપીટલ આવક | ૨૯૭૫૧૫૦૦૦.૦૦ |

તેની સામે વર્ષ : ૨૦૧૮–૧૯ માટે રૂપીયા.૨૮,૮૪,૭૫,૦૦૦/–અંકે રૂપીયા અઠ્ઠાવીસ કરોડ ચોર્યાસી લાખ પંચોતેર હજારની કેપીટલ જાવક અંદાજવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧ | સહાયક અનુદાન (વિકાસ ભંડોળ યોજના) | ૯૭૭૫૦૦૦.૦૦ |
| ૨ | વિકાસ યોજના રાજય સરકાર | ૧૦૧૮૦૦૦૦૦.૦૦ |
| ૩ | ખાસ હેતુ માટેની ગ્રાન્ટ રાજય સરકાર | ૨૧૯૦૦૦૦૦.૦૦ |
| ૪ | વિકાસ યોજના કેન્દ્ર સરકાર | ૧૨૮૦૦૦૦૦૦.૦૦ |
| ૫ | સામુદાઈક વિકાસ યોજનાઓ | ૪૦૦૦૦૦૦.૦૦ |
| ૬ | વિકેન્દ્રીત જિલ્લા આયોજન | ૧૩૦૦૦૦૦૦.૦૦ |
| ૭ | રાજય સરકાર તેમજ કેન્દ્ર સરકારમાં થી વિકાસ લક્ષી ગ્રાન્ટોમાંથી અન્ય વિકાસ લક્ષી કામો | ૧૦૦૦૦૦૦૦.૦૦ |
| | કુલ કેપીટલ જાવક | ૨૮૮૪૭૫૦૦૦.૦૦ |

આમ કેપીટલ આવક જાવકના બજેટ માં રૂપીયા. ૯૦,૪૦,૦૦૦/– અંકે રૂપીયા નેવું લાખ ચાલીસ હજાર પુરાની પૂરાંત દર્શાવવામાં આવેલ છે.

ખંભાત નગરપાલિકા ની કુલ બજેટની આવક જાવક નીચે મુજબ છે.

| વિગત | આવક | જાવક |
|---|---|---|
| ગ્રાન્ટ આવકનો સરવાળો :– | ૨૯૭૫૧૫૦૦૦.૦૦ | ૨૮૮૪૭૫૦૦૦.૦૦ |
| રેવન્યુ આવકનો સરવાળો :– | ૨૩૭૧૨૬૫૨૦.૦૦ | ૨૩૬૨૬૬૦૦૧.૦૦ |
| દેવાઓ અને જવાબદારી :– | ૪૨૯૪૫૦૦૦.૦૦ | ૪૩૪૪૦૦૦૦.૦૦ |
| કુલ સરવાળો :– | ૫૭૭૫૮૬૫૨૦.૦૦ | ૫૬૮૧૮૧૦૦૧.૦૦ |

આમ ખંભાત નગરપાલિકા કુલ આવક જાવકના બજેટ માં રૂપીયા. ૯૪,૦૫,૫૧૯/– અંકે રૂપીયા ચોરાણું લાખ પાંચ હજાર પાંચસો ઓગણીસ પુરા ની પૂરાંત દર્શાવવામાં આવેલ છે.

મીત્રો,.... આ અમારો આ બજેટમાં રેવન્યુ અને કેપીટલ બજેટને સરળ રીતે પ્રસ્તુત કરવાનો નમ્ર પયાસ છે અત્રેથી આપ સૌને ખાત્રી આપીએ છીએ કે આપણા સૌની તમામ તાકાત આ બજેટને યર્થાથ કરવા કામે લગાડી દઈશું સૌને ન્યાય મળે તે માટે સદા પ્રયત્નશીલ રહીશુ જેથી કરીને આ શહેરના વિકાસ લક્ષી "સૌનો સાથ........સૌ નો વિકાસ" ની યુકિત સાર્થક કરવા આ બજેટને સર્વાનુમતે મંજુર કરવા દરખાસ્ત કરૂ છું.

"સર્વાનુમતે મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક : ૪ તારીખ.૦૪–૦૪–૨૦૧૮

સેનીટશન કમીટી ઠરાવ નંબર. ૧૩ તારીખ. ૧૮–૦૧–૨૦૧૮ થી સેનીટેશન કમીટી ઠરાવ નંબર. ૧૮ તારીખ. ૧૮–૦૧–૨૦૧૮ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૪ તારીખ.૦૪–૦૪–૨૦૧૮

એજન્ડા ક્રમાંક : ૪ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી ઉષાબેન પી. બારૈયા તરફથી અને સદસ્યશ્રી શંકુતલાબેન બી. રાવળ ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

સેનીટશન કમીટી ઠરાવ નંબર.૧૩ તારીખ. ૧૮–૦૧–૨૦૧૮ થી સેનીટેશન કમીટી ઠરાવ નંબર. ૧૮ તારીખ.૧૮–૦૧–૨૦૧૮ સુધીના ઠરાવો મંજુર કરવામાં આવે છે.

"સર્વાનુમતે મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક : ૫ તારીખ.૦૪–૦૪–૨૦૧૮

ખંભાત વિસ્તાર વિકાસ સત્તા મંડળ કમીટી ઠરાવ નંબર.૩૩ તા.૨૩–૦૨–૨૦૧૮ સુધીનો ઠરાવ મંજુર કરવા બાબત.

જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૫ તારીખ.૦૪–૦૪–૨૦૧૮

એજન્ડા ક્રમાંક : ૫ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી ઉષાબેન પી. બારૈયા તરફથી અને સદસ્યશ્રી શંકુતલાબેન બી. રાવળ ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

ખંભાત વિસ્તાર વિકાસ સત્તા મંડળ કમીટી ઠરાવ નંબર.૩૩ તા.૨૩–૦૨–૨૦૧૮ સુધીનો મંજુર કરવામાં આવે છે.

"સર્વાનુમતે મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

ચેર આઈટમ નંબર. ૧ તારીખ.૦૪–૦૪–૨૦૧૮

## જનરલ બોર્ડ ઠરાવ નબર. ૦૬ તારીખ.૦૪–૦૪–૨૦૧૮

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ – ૨૭૧ના ખંડ (જ) અન્વયે નગરપાલિકાઓ તરફથી નગરપાલિકાના ભરતી / બઢતી માટેના નિયમો બનાવવાના અને સાથે નિયામકશ્રી નગરપાલિકા ગુજરાત રાજય, ગાંધીનગરની જરૂરી મંજુરી મેળવવા માટે તથા તે અંગે જરૂરી ભરતી / બઢતીના નિયમો આજના બોર્ડની મીટીગમાં મંજુર કરાવા ઠરાવવામાં આવે છે અને આ અંગે ગુજરાત નગરપાલિકા અધિનિયમ અન્વયે ભરતી અને બઢતી અંગેના નિયમો, સ્પષ્ટીકરણ, નમુનો–અ, નમુનો–ક, નમુનો–ડ, કર્મચારીઓની ભરતી, બઢતી અને સેવાની શરતો બાબતના નિયમો–૨૦૧૭–૨૦૧૮ બનાવેલ છે જે મંજુર કરવામાં આવે છે.

"સર્વાનુમતે મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

# ખંભાત નગરપાલિકાના કર્મચારીઓની ભરતી, બઢતી અને સેવાની શરતો બાબતના નિયમો ૨૦૧૭–૨૦૧૮

**આમુખ :–**

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ–૨૭૧ ના ખંડ (જ) અન્વયે મળેલ અધિકાર મુજબ બનાવેલ છે.

(૧) **ટૂંકી સંજ્ઞાઃ–**

આ નિયમો નગરપાલિકાઓના કર્મચારીઓની ભરતી, બઢતી અને સેવાની શરતો બાબતના નિયમો ૨૦૧૭–૨૦૧૮ કહેવાશે.

(૨) **વ્યાખ્યા (૧) આ નિયમોમાં સંદર્ભથી અથવા અપેક્ષિત ન હોય તો :–**

૧. "અધિનિયમ" એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩

૨. "નગરપાલિકા" એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની જોગવાઈઓ હેઠળ રચાયેલ નગરપાલિકા.

૩. "કલમ" એટલે ગુજરાત નગરપાલિકા અધીનયમ ૧૯૬૩ની કલમ ૨૭૧ (ડી)

૪. "જગા" નગરપાલિકામાં મંજુર થયેલ મહેકમની કોઈપણ જગા

૫. "પસંદગી સમીત" પસંદગી સમિતિ એટલે સરકારશ્રી ધ્વારા નિયત કરવામાં આવેલ હોય તે સમિતિ અને તેમા થનાર વખતો વખતના સુધારા અનુસારની સમિતિ અને જો સરકારશ્રી તરફથી સમિતિ નિયત કરવામાં આવેલ નહોય તો નગરપાલિકા ધ્વારા નિમાયેલ કારોબારી સમિતી.

(૩) આ નિયમોમાં વાપરેલા હોય પણ વ્યાખ્યા કરવામાં આવેલ ન હોય તેવા બીજા તમામ શબ્દો અને શબ્દ પ્રયોગનો અર્થ અધિનિયમમાં જે અર્થ આપવામાં આવ્યો છે તે ગણાશે.

૧. નિમણુંક માટે નાગરિકત્વ વગેરે સંબંધી લાયકાતઃ–

ક. ભારતનો નાગરિક હોય, અથવા

ખ. સિકિકમનો પ્રજાજન હોય, અથવા

ગ. નેપાલનો પ્રજાજન હોય, અથવા

ઘ. ભૂતાનનો પ્રજાજન હોય, અથવા

ચ. તિબેટના નિર્વાસન હોય જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી સને.૧૯૬૨ ના જાન્યુઆરી મહીનાથી પહેલી તારીખે પહેલા ભારતમાં આવ્યો હોય.

અથવા.

છ. મુળ ભારતની વ્યકિત હોય અને જે પાકિસ્તાન બ્રહ્મદેશ, શ્રીલંબા, કેન્યા, યુગાન્ડા જેવા પુર્વ આફ્રિકાના દેશો અને અગાઉના ટ્રાન્ઝાનિકા તરીકે ઓળખાતા / ટ્રાન્ઝાનિયાના સંયુકત પ્રજાસત્તાક માંથી સ્થળાંતર કરીને આવી હોય પરંતુ ખંડ (ગ), (ઘ), (ચ), અથવા (છ) માં નિર્દિષ્ટ કરેલ વર્ગનો ઉમેદવાર કે સરકારે જેની તરફેણમાં લાયકાત પ્રમાણપત્ર આપ્યું હોય તેવી વ્યકિત હોવી જોઈએ અને ખંડ (છ) માં નિર્દિષ્ટ કરેલ વર્ગનો ઉમેદવાર હોય ત્યારે લાયકાત પ્રમાણપત્ર તેની નિમણુંકની તારીખથી ૧ વર્ષની મુદત સુધી જ માન્ય રહેશે અને એ મુદત પછી જો તેને ભારતનું નાગરીકત્વ મેળવ્યું હોય તો જ સેવામાં રાખી શકાશે.

૨. જે ઉમેદવાર માટે લાયકાતનું પ્રમાણપત્ર મેળવવાનું આવશ્યક હોય તે ઉમેદવારને પરીક્ષા અથવા રૂબરૂ મુલાતકામાં દાખલ કરી શકાશે અને નિમણુંક કરનાર સત્તા અધિકારી છુટ આપે તેટલા સમયમાં જરૂરી લાયકાત પ્રમાણપત્ર રજુ કરી તેને આધિન રહીને કોઈ જગ્યા પર હંગામી રીતે નિમિ શકશે.

(૪) <u>કોઈપણ વ્યકિતને નીચે પ્રમાણે હોય તો કોઈ જગ્યા નીમી શકાશે નહી.:—</u>

૧. જો તેને કોઈ પણ સ્થાનિક સત્તા મંડળ, સરકાર અથવા અર્ધ સરકારી સંસ્થામાંથી ગેરવર્તન માટે બરતરફ કરવામાં આવી હોય તો અથવા

૨. જો તેને એવા ગુના માટે દોષિત ઠરવવામાં આવી હોય કે જે નિમણુંક અધિકારીના અભિપ્રાય મુજબ નૈતિક અધઃપતનનો ગુનો થાય તો, અથવા.

૩. જો તેને એક કરતાં વધુ પત્ની હયાત હોય અને સ્ત્રીની બાબતમાં જેની પત્ની હયાત કોઈ તેવી વ્યકિત સાથે લગ્ન કર્યુ હોય તો.

૪. કોઈ જગ્યા ઉપરની નિમણુંક માટેની દરેક અરજીમાં યથા પ્રસંગ તે અથવા તેણી પરણીત છે કે કેમ? અને જો હોય તો પુરૂષ અરજદરની બાબતમાં તેને એક કરતાં વધુ પત્ની હયાત છે કે કેમ અને સ્ત્રી અરજદારની બાબતમાં જેને પત્નિ હયાત

હોય તેવા વ્યકિત સાથે લગ્ન કરેલ છે કે કેમ તે બાબત જાહેર કરવી પડશે. નિમણુંક પછી એવી જાહેરાત ખોટી હોવાનું જણાય તે પ્રસંગે અરજદાર સેવામાંથી દુર કરવાને પાત્ર થશે.

(૫) <u>સારા ચારિત્રયનો પુરાવો</u> :–

નગરપાલિકાની સેવામાં હોય તેવી વ્યકિતની બઢતી કર્યા સિવાય કોઈપણ જગ્યા ઉપરની નિમણુંક નગરપાલિકા માંગે તેવા સારા ચારિત્રયનો પુરાવો રજુ કરવાને આધિન રહેશે.

(૬) <u>શારિરીક યોગ્યતા</u> :–

કોઈપણ વ્યકિતને જો તે શારીરિક રીતે યોગ્ય ન હોય અને આ નિયમો સાથે જોડેલ નમુના (અ) માં નિર્દિષ્ટ કરેલ અને તે હેતુ માટે વિધિસર અધિકૃત કરેલ તબીબી અધિકારીએ સહી કરેલું પ્રમાણપત્ર રજુ ન કરે તો ઉપર નિર્દિષ્ટ કરેલ કોઈ જગ્યા ઉપર નિમિ શકાશે નહીં.

<u>(૬/અ) વય(ઉંમર)શિક્ષણ,અનુભવ સંબંધી લાયકાતો અને કોઈ જગ્યા પર નિમણુંકની રીતે</u> :–

૧. આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ.

૨. વય મર્યાદા ગુજરાત સરકારના નિતિ નિયમો તેમજ પ્રવર્તમાન, ઠરાવો અને પરીપત્ર મુજબ રહેશે.

૩. સતત કાર્યકારી, હંગામી અથવા વર્કચાર્જની સેવા પછી કાયમી મહેકમમાં બઢતી આપેલ ઉમેદવારની બાબતમાં કાર્યવાહી, હંગામી અથવા વર્કચાર્જની અલગ સેવાના આરંભની તારીખના સંદર્ભમાં ઠરાવવામાં આવે તે વય મર્યાદા ગણતરીમાં લેવામાં આવશે.

(૭) <u>સીધી ભરતીથી નિમણુંકઃ–</u>

૧. કોઈ જગા ઉપરની નિમણુંક સીધી ભરતીથી કરવાની હોય ત્યારે નગરપાલિકાએ બહોળો ફેલાવો ધરાવતા ઓછામાં ઓછા બે ગુજરાતી વર્તમાન પત્રોમાં જાહેરત આપીને અરજીઓ મેળવવાની રહેશે. આ જાહેરાતમાં જગાની સંખ્યા જગા માટેની લાયકાત તેમજ જગા કયા વર્ગમાંથી જગા ભરવાની છે તેની વિગતો આપવાની રહેશે.

૨. સીધી ભરતી માટેની લેખીત પરીક્ષા અંગેની કાર્યરીતી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો તથા વખતો વખત તેમાં થનાર સુધારા અનુસાર કરવાની રહેશે. તેમજ

પરીક્ષા માટેનો અભ્યાસક્રમ જે તે જગા માટેની શૈક્ષણીક લાયકાત અને જગાના કામના પ્રકાર મુજબ પસંદગી સમિતિએ નકકી કરવાનો રહેશે.

૩. સીધી ભરતીથી જગા ભરવામાં આવે તેવા પ્રસંગે નિતિ અનુસાર, પ્રથમ નિમણુંક પાંચ વર્ષના ફીકસ પગારથી નિમણુંક કરવાની રહેશે. ફીકસ પગારની સરકારશ્રીની નિતિ અંગે જે જે સુધારા વધારા થાય તે મુજબ અમલ કરવાનો રહેશે.

૪. સામાન્ય વહીવટી વિભાગના તારીખ.૦૬–૧૧–૨૦૧૫ના પરીપત્ર અનુસાર નગરપાલિકા સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરી સ્પાર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણ (મેરીટ) ના આધારે ઉમેદવારની પસંદગી કરવામાં આવશે.

૫. સફાઈ કામદારોની ભરતી રૂબરૂ મુલાકાત આધારે આ જગા માટેની નિયત થયેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોમાંથી કરવાની રહેશે.

(૮) <u>બઢતીથી નિમણુંક</u> :–

૧. બઢતીથી ભરતી માટેની કાર્યરીતી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો તથા વખતો વખત તેમાં થનાર સુધારા અનુસાર કરવાની રહેશે. નગરપાલિકાનો કોઈપણ કર્મચારીને ફકત સીનીયોરીટીને કારણે જ બઢતી માટે હકદાર થશે નહી. કોઈપણ કર્મચારી સીનીયોરીટી ઉપરાંત બઢતી માટે ગુણવત્તા આધારે યોગ્ય જણાય તે સિવાય કોઈપણ જગા ઉપર બઢતી આપી શકાશે નહી.

૨. કોઈપણ જગાની ઉપર બઢતીથી નિમણુંક કરવાની હોય ત્યારે પસંદગી સમિતિ સંબંધિત કર્મચારીની શૈક્ષણિક લાયકાત, બીજી લાયકાતો, કર્મચારીનો ખાનગી અહેવાલ વિચારણામાં લેશે યોગ્ય જણાય તો તેવા કર્મચારીને બઢતી આપવા અંગે ભલામણ કરશે અને તે આધારે નગરપાલિકા બઢતી આપવા નિર્ણય કરશે ત્યાર બાદ ચીફ ઓફીસરશ્રીની સહીથી બઢતી આપવાનો હુકમ કરવાનો રહેશે.

(૯) <u>અનુસુચિત જાતીઓ, અનુસુચિત આદિજાતિઓ, પછાતવર્ગ વગેરે માટે જગ્યાઓ અનામત રાખવા બાબત.</u>

અનુસુચિત જાતીઓ, અનુસુચિત જનજાતિઓ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને ખોડ – ખાંપણ ધરાવતા વ્યકિતઓ માટે સરકાશ્રીના ધારા–ધોરણ

તેમજ વખતો વખતના સુધારા મુજબ મ્યુનિસિપલ સેવામાં અનામત ટકાવારી જાળવવાની રહેશે.

(૧૦) <u>અનુસુચિત જાતીઓ, અનુસુચિત આદિજાતિઓ, પછાતવર્ગ માટે વય મર્યાદામાં છુટછાટ આપવા બાબત.</u>

અનુસુચિત જાતીઓ, અનુસુચિત આદીજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તેમજ ખોડ – ખાંપણ ધરાવતા વ્યકિતઓને સરકાશ્રીના ધારા–ધોરણ અનુસાર વય મર્યાદામાં છુટછાટ મળી શકશે.

(૧૧) કોઈપણ નગરપાલિકા કોઈપણ કર્મચારીની ભરતી કે બઢતી કે પગાર ધોરણ બાબતે મંડળો ધ્વારા અગર વ્યકિતગત ધ્વારા મુકવામાં આવતા કેસમાં કોઈપણ કોર્ટમાં કે સમાધાન અધિકારી સમક્ષ નિયામકશ્રીની પુર્વ મંજુરી સિવાય કોઈપણ પ્રકારનું સમાધાન કરી શકાશે નહી.

(૧૨) <u>નિમાયેલી વ્યકિતની ફરજો</u> :–

કોઈ જગ્યા ઉપર નિમાયેલ વ્યકિત સાધારણ રીતે જે જગ્યા ઉપર તેને નિમવામાં આવી હોય તે જગ્યા સાથે સંલગ્ન ફરજો બજાવશે. પરંતુ મુખ્ય અધિકારી, મ્યુનિસિપલ વહીવટીના હિતમાં પોતાને જરૂરી જણાય તેવી વ્યકિતને તેવી બીજી ફરજો પણ સોપી શકાશે અને નિમાયેલ વ્યકિત તેનું પાલન કરવા બંધાયેલ રહેશે.

(૧૩) <u>અજમાયશ :</u>–

૧. કોઈ જગ્યા ઉપર નિમાયેલ વ્યકિત સરકારશ્રીના નિયમોનુસારની મુદત સુધી અજમાયશ ઉપર રહેશે અને તેને લેખિત કારણોની નોંધ કરીને નિયમોનુસારની મુદત લંબાવી શકાશે. અજમાયશીની નિમણુંક જો તે સદરહુ જગ્યા ધરાવતા માટે લાયક અથવા યોગ્ય ન જણાય તો સમાપ્ત કરવામાં આવશે.

૨. પેટા નિયમ–૧ માં જણાયેલી અજમાયશી પીરીયડએ નિયમ–૭ ના પેટા નિયમ(૪) માં જણાવેલ મુદત પુર્ણ કર્યા બાદ ગણવાનો રહેશે.

(૧૪) <u>ખાનગી અહેવાલ</u> :–

ખંભાત નગરપાલિકાના વર્ગ–૩ના તમામ સંવર્ગના કર્મચારીઓનો ખાનગી અહેવાલ નગરપાલિકાના ચીફ ઓફીસર ધ્વારા લખવાના રહેશે અને નગરપાલિકાના પ્રમુખશ્રી / વહીવટદારશ્રી ધ્વારા રીવ્યુ કરવાના રહેશે. આવા ખાનગી અહેવાલનું રેકર્ડ કાયમી

ધોરણે જાળવવાનું રહેશે અને બઢતીથી નિમણુંક વખતે આવી અન્ય બાબતોમાં તે ધ્યાને લેવાનું રહેશે.

(૧૫) <u>નિમાયેલી વ્યકિતને નગરપાલિકાના નિયમો બંધનકર્તા રહેશે</u> :–

કોઈ જગ્યા ઉપર કોઈ વ્યકિતની નિમણુંક સમજુતીના આધિન રહેશે. નિમાયેલ વ્યકિતએ અમલમાં હોય તેવા નગરપાલિકાના તમામ નિયમો પાળવા જોઈએ અને તે વ્યકિતએ આ નિયમો સાથે જોડેલા નમુના–ડ મુજબ બાંહેધરી આપવી જોઈએ.

(૧૬) <u>નગરપાલિકાની સેવકોની સેવાની શરતો</u> :–

૧. ઉપરોકત નિયમોમાં સ્પષ્ટ ન હોય તેવી બાબતો અંગે તે સમયે અમલમાં હોય તેવા

(ક) ગુજરાત મુલ્કી સેવા નિયમ–૨૦૦૨

(ખ) ગુજરાત રાજય સેવા વર્તન (વર્તણુંક) નિયમો–૧૯૭૧

(ગ) ગુજરાત રાજય (શિસ્ત અને અપીલ) નિયમો–૧૯૭૧ના નિયમો નગરપાલિકાના કર્મચારીઓનું લાગુ પડશે.

(ઘ) સી.સી.સી.પરીક્ષા નિયમો–૨૦૦૬ નગરપાલિકાના કર્મચારીઓ લાગુ પડશે.

(૧૭) <u>સેવાને લગતી બાબતોના વિવાદ અંગે</u> :

નગરપાલિકાની કોઈ જગ્યા પર નિમાયેલ કર્મચારી સેવાને લગતી બાબતો અંગે નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની જોગવાઈઓ અથવા તેને લાગુ પડતા નિયમો હેઠળ થયેલ કરવામાં આવેલી જોગવાઈનો પ્રથમ ઉપયોગ કર્યા સિવાય સીધે સીધો કોઈપણ અદાલતમાં કાર્યવાહી કરી શકાશે નહી.

(૧૮) નિયમો રદ કરવા બાબત.

આ અગાઉ નગરપાલિકાઓના જે નિયમો મંજુર થયેલ હોય તે નિયમો રદ કરવામાં આવે છે પરંતુ આવા નિયમો રદ કરવામાં આવ્યા તે પહેલા નિયમો હેઠળ કરવામાં આવેલ ભરતી બઢતીને કોઈ અસર થશે નહી.

ચીફ ઓફીસર
ખંભાત નગરપાલિકા, ખંભાત

પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત

## <u>નમુનો–ડ</u>

(જુઓ નિયમ–૧૫)

## –: બાંહેધરી પત્ર :–

હું.............................................................................................

રહેવાસી.............................................તાલુકો..................જીલ્લો..............

આથી ખાત્રી આપુ છું કે–

હું નગરપાલિકાની સેવામાં હોઈશ તે મુદત દરમ્યાન

(૧) મારા કાર્યો અને ફરજો નિષ્ઠાપુર્વક, પ્રમાણિકપણે અને વફાદારીથી બજાવીશ.

(૨) મારા કાર્યોઅને ફરજો નગરપાલિકાના શ્રેષ્ઠતમ હિત માટે રહેશે.

(૩) નગરપાલિકાના તમામ નિયમો, ઉપનિયમો, આદેશો વગેરે પાળીશ,

(૪) નાણાંકીય સિધ્ધાંતોનું પાલન કરીશ.

(૫) નગરપાલિકાની પ્રતિષ્ઠા જોખમાય, તેના વહીવટી અને આર્થિક હીતને નુકશાન થાય તેવું કાંઈપણ કરીશ નહી.

સ્થળ :– કર્મચારીની સહી.:–

તારીખ.:– હોદ્દો :–

| | |
|---|---|
| સાક્ષીનું પુરૂ નામ | :–............................................................ |
| સરનામું | :–............................................................ |
| ઉંમર | :–............................................................ |
| વ્યવસાય | :–............................................................ |
| રહેણાંકનો પુરાવો | :–............................................................ |
| સાક્ષીની ટુંકી સહી | :–............................................................ |
| સાક્ષીની આખી સહી. | :–............................................................ |

સાક્ષીના ડાબા / જમણાના હાથના અંગુઠાનું નિશાન. ................................................

<u>રૂબરૂ</u>

ચીફ ઓફીસર
ખંભાત નગરપાલિકા,ખંભાત

પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત

# <u>નમુનો – ક</u>

(જુઓ નિયમ –૭)

## –: નિમણુંક પત્ર :–

સુ.જા.નં................
ખંભાત નગરપાલિકા, ખંભાત
તા.ખંભાત જી. આણંદ.
તારીખ.   –   –૨૦૧

પ્રતિ,
શ્રી / શ્રીમતી / કુમારી
..............................................................
..................................................પીન કોડ.

વિષયઃ–   ખંભાત નગરપાલિકાની સેવામાં................................તરીકેની જગ્યા ઉપર નિમણુંક કરવા બાબત.

જયભારત સાથે આપની તા..........................ની અરજી અને પસંદગી સમિતિએ લીધેલ રૂબરૂ મુલાકાતના અનુસંધાનમાં સવિનય જણાવવાનું કે ખંભાત નગરપાલિકાની સેવામાં............................તરીકેની જગ્યા ઉપર નિમવામાં આવે છે. તેમ તમારી ફરજ ઉપર હાજર થશો તે તારીખથી તમારી નિમણુંક અમલમાં આવેલી ગણાશે.

તમારી નિમણુંક પ્રાથીમક તબકકે એક વર્ષની મુદત માટે અજયમાશી ધોરણે / તદ્દન હંગામી ધોરણે / બાંધેલા ઉચ્ચક વેતનથી / રોજમદાર તરીકે / બાંધી મુદત તારીખ ......................થી તારીખ.......................સુધી કરવામાં આવેલ છે.

તમને આ જગા માટે નગરપાલિકાએ ઠરાવેલ ધોરણે વેતન આપવામાં આવશે.

તમારે નગરપાલિકાના કાયદા, નિયમો, પેટા નિયમો, આદેશો, સુચનાઓ વગેરેનું પાલન કરવાનું રહેશે તેમજ નિષ્ઠાપુર્વક, પ્રમાણિકપણે વફાદારીથી અને પુરી કાર્યક્ષમતાથી નગરપાલિકાનું શ્રેષ્ઠતમ હીત સચવાય તે રીતે કાર્યો અને ફરજો બજાવવાના રહેશે.

તમારે નિયમ મુજબના જામીન આપવાના રહેશે.

તમારે શારીરિક યોગ્યતાનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

તમારે આ આદેશનો / નિમણુંકનો સ્વીકૃત પત્ર નીચે સહી કરનારને દિન–૩માં પહોચડવાનો રહેશે. જો તેમ કરવામાં તમો નિષ્ફળ રહે તો તમે આ નિમણુંક સ્વીકારતા નથી તેમ માની લેવામાં આવશે અને જગા અન્ય રીતે પુરવામાં આવશે અને તે સામે તમારો કોઈ વાંધો, વિરોધ કે તકરાર ચાલી શકશે નહી.

| | |
|---|---|
| પ્રમુખ | ચીફ ઓફીસર |
| ખંભાત નગરપાલિકા,ખંભાત | ખંભાત નગરપાલિકા, ખંભાત |

નકલ રવાનાઃ–
(૧) મહેકમ શાખા,   (૨) હીસાબી શાખા   (૩) શાખા અધિકારી

# નમુનો – અ

(જુઓ નિયમ –૬)

## –: શારીરિક યોગ્યતાનું પ્રમાણપત્ર :–

હું આથી પ્રમાણિત કરૂ છું કે – મે ખંભાત નગરપાલિકાની સેવામાં નોકરી માટેના ઉમેદવારશ્રી / શ્રીમતી / કુમારી ............................................................ ને તપાસ્યા છે. / તપાસી છે. અને............................................................ સિવાયની તેમને કોઈ રોગ, ચેપી રોગ અથવા બીજી બાંધાની નબળાઈ અથવા શારીરિક અશકત છે. એવું મને જણાતું નથી.

આને હું ખંભાત નગરપાલિકાની સેવામાં નોકરી માટે ગેરલાયક ગણતો નથી / ગણતી નથી. શ્રી / શ્રીમતી / કુમારી............................................................ ની ઉંમર તેના / તેણીના જણાવ્યા પ્રમાણે..................વર્ષની છે અને દેખાવ ઉપરથી તેની / તેણીની ઉંમર લગભગ................વર્ષની છે અને તેણે / તેણીએ શીળી ટંકાવ્યા છે.

તારીખ :–

ઓળખની નિશાનીઓ :–

ડાબા / જમણા હાથના અંગુંઠાનું નિશાન :–

સ્થળ :–

તારીખ.:– 

તબીબી અધિકારી.

## સ્પષ્ટીકરણ

(૧) નામ–નિયમો :– આ નિયમો ખંભાત નગરપાલિકાના કર્મચારી ભરતી – બઢતીના નિયમો વર્ષ ૨૦૧૭–૨૦૧૮

(૨) જગ્યા ભરવાની રીત :– પરિશિષ્ટમાં જણાવેલ જગ્યાઓ આપો આપ મંજુર થયે ગણવાની નથી ઉપરોકત પૈકી જે જગ્યા ભરવાની હોય એની વિધિવત નિયામકશ્રીની પુર્વ મંજુરી લેવાની રહેશે.

(૩) સીધી ભરતી :– આ અંગે નગરપાલિકાએ મંજુર કરેલ ભરતી અંગેના નિયમોને ધ્યાને લઈ ભરતી પ્રક્રિયા કરવાની રહેશે.

(૪) બઢતી થી ભરતી :– બઢતી થી જગ્યા ભરવાના પ્રસંગે પરિશિષ્ટમાં જણાવેલ કર્મચારીઓની સિધ્ધી, કાર્યદક્ષતા, લાયકાતને ધ્યાને લઈ બઢતી આપવાની રહેશે.

| | |
|---|---|
| ચીફ ઓફીસર | પ્રમુખ |
| ખંભાત નગરપાલિકા,ખંભાત | ખંભાત નગરપાલિકા, ખંભાત |

## જુના મંજુર થયેલ નિયમો / પેટા નિયમો અને સુધારા સુચવેલ નિયમો પેટા / નિયમોનું તુલનાત્મક પત્રક :–

| જુના મંજુર થયેલ નિયમો | સુધારેલ નિયમો |
|---|---|
| ૧. કોમન કેડરની જગ્યા સુચવેલ ન હતી | ૧. કોમન કેડરની જગ્યા સુચવેલ છે. |
| ૨. વર્ગ–૩ અને વર્ગ–૪ સીધી ભરતી પ્રસંગે રૂબરૂ મુલાકાતની જોગવાઈ દર્શાવેલ છે. | ૨. સામાન્ય વહીવટી વિભાગના તારીખ.૦૬–૧૧–૨૦૧૫ના પરિપત્ર અનુસાર વર્ગ–૩ અને વર્ગ–૪ સીધી ભરતી નગરપાલિકા સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુણ (મેરીટ) ના આધારે ઉમેદવારની પસંદગી કરવાનું નકકી કરવામાં આવેલ છે. |

ચેર આઈટમ નંબર.૨ તારીખ.૦૪–૦૪–૨૦૧૮

(૧) શ્રી મનીષાબેન મનોજભાઈ વાલ્મીક ની તારીખ.૦૪–૦૪–૨૦૧૮ના રોજ આવેલ અરજીમાં જણાવ્યા મુજબ તારીખ.૦૪–૦૪–૨૦૧૮ ના રોજના જનરલ બોર્ડમાં ગેરહાજર રહેવા તથા (૨) શ્રી ઈફતેખારહુસેન મુખ્તારહુસેન યમની ની તારીખ. ૦૪–૦૪–૨૦૧૮ના રોજ આવેલ અરજીમાં જણાવ્યા મુજબ તા.૦૪–૦૪–૨૦૧૮ ના રોજના જનરલ બોર્ડમાં ગેરહાજર રહેવા બાબત રજા મંજુર કરવા બાબત.

જનરલ બોર્ડ ઠરાવ નંબર.૦૭ તારીખ.૦૪–૦૪–૨૦૧૮

(૧) શ્રી મનીષાબેન મનોજભાઈ વાલ્મીક ની તારીખ.૦૪–૦૪–૨૦૧૮ના રોજ આવેલ અરજીમાં જણાવ્યા મુજબ તારીખ.૦૪–૦૪–૨૦૧૮ ના રોજના જનરલ બોર્ડમાં ગેરહાજર રહેવા તથા (૨) શ્રી ઈફતેખારહુસેન મુખ્તારહુસેન યમની ની તારીખ. ૦૪–૦૪–૨૦૧૮ના રોજ આવેલ અરજીમાં જણાવ્યા મુજબ તા.૦૪–૦૪–૨૦૧૮ ના રોજના જનરલ બોર્ડમાં ગેરહાજર રહેવા બાબતે આવેલ અરજીને મંજુર કરવામાં આવે છે.

"સર્વાનુમતે મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત